જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૯/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૪૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૧	૦	૧૧૧	૩૮૪	૦	૩૮૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૫૩૭	૯૩	૭૧૬૩૦	૭૨૫૪૨	૯૪	૭૨૬૩૬
કુલ		૮૮૦૫૮	૯૩	૮૮૧૫૧	૯૬૯૯૬	૯૪	૯૭૦૯૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૬	૪,૭૭,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૧૩	૧૧,૧૩,૦૦૦/-

પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશનઃ

નાઈટ રાઉન્ડમાં વાહન ચેકીંગ દરમ્યાન મહારાષ્ટ્ર પાર્સિંગની કિયા સોનેટ ગાડી નંબર.MH.47.AU.6180 માંથી ભારતીય બનાવટના વિદેશીદારૂની સીલબંધ બોટલ નંગ-૩૮ કિ.રૂ.૨૮,૧૮૦/- તથા કિયા ફોરવ્હીલ અને મોબાઈલ ફોન મળી કુલ કિ.રૂ.૪,૮૯,૧૮૦/- મત્તાના મુદ્દામાલ સાથે બે આરોપીઓને પકડી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી મિલાપ પટેલ સાહેબ "કે" ડીવીઝન અમદાવાદ શહેરનાઓ તરફથી રાખવામાં આવેલ પ્રોહીબીશનની ડ્રાઈવ સબંધે કડક અમલદારી કરવા જણાવેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબનાઓએ સ્ટાફના માણસોને પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ સુચનાઓ આપેલ હોય જે આધારે આજરોજ નાઈટ દરમ્યાન શાસ્ત્રીબ્રિજના છેડે હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા અ.પો.કો.નિલેશભાઈ ગિરીશભાઈ બ.નં.૭૦૬૧ તથા અ.પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૩૩ તથા અ.પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૮૨૭૬ તથા અ.પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા અ.પો.કો. નટવરસિંહ જોરાવરસિંહ બ.નં.૧૦૦૧૮ નાઓ હાજર હતા તે દરમ્યાન સાથેના હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં નાઓને બાતમી હકિકત મળેલ કે " એક સિલ્વર કલરની કિયા સોનેટ ગાડી નં MH-47-AU-6180 નો ચાલક તથા તેની પાસે બેસેલ ઈસમ નાઓ બંન્ને ગાડીની અંદર કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો ભરી નારોલ સર્કલ તરફથી આવી અત્રે થઈ વિશાલા સર્કલ તરફ જવાના છે " જે હકિકત આધારે વોચમાં રહેતાં થોડીવારમાં બાતમીમાં જણાવેલ નંબરવાળી ફોરવ્હીલ ગાડી આવતાં તેને રોકી સાઈડમાં કરાવી જોતાં બે ઈસમો બેઠેલ હોય જેના ચાલકનુ નામ યોગેશ ભોગીલાલ જાતે પંચાલ ઉ.વ.૩૪ ધંધો.વેપાર રહે.પ્લોટ નં.૨૭૭ નુતન એનેક્ષ ફલેટ નં ૫૦૩ જવાહર નગર રોડ નં ૦૩ ગોરેગાવ સુવિધા હોસ્પિટલ પાછળ પશ્ચિમ મુંબઈ મહારાષ્ટ્ર તથા સાથેના ઈસમનુ નામ લલિત નારાયણભાઈ જાતે પટેલ ઉ.વ.૩૮ ધંધો-નોકરી રહે-મ.નં.સી/૩૫ કુમુદનગર એસ.વી રોડ ગોરેગાવ પશ્ચિમ સિને મેક્સ નજીક મૂંબઈ મહારાષ્ટ્રનો હોવાનુ જણાવેલ જેઓના કબ્જાની ફોરવ્હીલ ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની સિલબંધ બોટલ નંગ.૩૮ કિ.રૂ.૨૮,૧૮૦/- ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો તથા ફોરવ્હીલ ગાડીની કિ.રૂ.૪૫૦૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૧૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૪,૮૯,૧૮૦/- ની મત્તાનો મુદ્દામાલ મળી આવતાં બંને આરોપીઓ વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટે-સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૬૫૪/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ) ૬૬(બી) ૧૧૬(બી) ૮૧ ૯૮(૨) મુજબનો ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૪/૦૯/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૨૧૬/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૩૦૭,૩૫૨,૨૯૪(ખ), ૧૪૩,૧૪૪, ૧૪૭, ૧૪૮,૧૪૯ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) તથા (૨)બાપુનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૭૨૧૧૮૦૨ ધી ઇપીકો કલમ ૩૬૫,૩૮૬,૩૨૫,૩૨૩,૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ એટ્રોસીટી એકટ ૩(૧) (આર) (એસ) જી.પી. એકટ ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૫૧૩/૨૦૨૧ તા.૨૩/૦૯/૨૦૨૧ ના હુકમ આધારે તા.૨૩/૦૯/૨૦૨૧ ના કલાકઃ૨૧/૦૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીનું નામઃ-

કુલદીપસિંહ વિશમ્ભરસિંહ ભદોરીયા રહે.મ.નં.૧૦૨,પ્રેરણા બંગ્લોઝ અમિધારા સોસાયટી ની સામે બાપાસિતારામ ચોક નવાનરોડા અમદાવાદ શહેર તથા સરસ્વતીનગરની ચાલી લક્ષ્મીનગરની ચાલી છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૪૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૭૪૪/૨૦૨૧**

નવરંગપુરાઃ આલાપભાઇ સ/ઓ રમેશભાઇ પરિખ (ઉ.વ.૪૪) (રહે. મહાલક્ષ્મી સોસાયટી ઉન્નતી સ્કુલ પાછળ મહાલક્ષ્મી ચાર રસ્તા પાલડી) એ તા.૨૩/૦૯/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નવરંગપુરા ખાતે એક્સીસ બેંન્કની પાસે લો ગાર્ડન ઇંન્ડીક્વીપ લી.(ભારત ગેસ એજન્સી) એજન્સી ધરાવતા હોઈ લેબર કોર્ટમા કેસ ચાલતો હોઈ સને-૨૦૧૮ થી તા.૧૭/૦૮/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન વકિલ નામે વિશાલભાઇ ઇન્દ્રવદન જોષી (રહે. ગુજરાત હાઉસીગ બોર્ડ બાપુનગર ચાર રસ્તા બાપુનગર) કેસની પ્રોસેસ માટે રોકેલ હતા. જેઓએ લેબર કોર્ટમાં ઈ.એસ.આઈ.સી.નુ કોન્ટ્રીબ્યુશન ચુકવવાનુ છે તેમ કહી આલાપભાઈ પરિખ પાસેથી કુલ રૂપિયા ૫,૧૫,૯૭૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી સોનલબહેન હીમાંશુભાઇ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૭૪૫/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ ગૌરવ સ/ઓ પ્રકાશભાઇ બારોટ (રહે. સીએસ્ટા સોસાયટી બાગબાન પાર્ટી પ્લોટ પાસે થલતેજ હેબતપુર રોડ થલતેજ) એ તા.૨૩/૦૯/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૧ સવારના ૫/૧૫ વાગ્યાના સુમારે થલતેજ બાગબાન પાર્ટી પ્લોટ પાસે શીલજ રોડ હેબતપુર સીએસ્ટા કોમ્પલેક્ષ પ્રકાશ પાન પાર્લર નામની દુકાનનુ શટર તોડી બે પુરૂષ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૭૪૬/૨૦૨૧**

ગોમતીપુરઃ પ્રવિણભાઈ પ્રેમજીભાઈ ગુડલીયા (ઉ.વ.૫૨)(રહે.ચાચકા ગામ, પટેલ સોસાયટી તા.ચુડા જી.સુરેન્દ્રનગર) એ તા.૨૩/૦૯/૨૦૨૧ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૯/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે સારંગપુરબ્રીજથી કામદાર મેદાન ચાર રસ્તા સુધીની એ.એમ.ટી.એસ.બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ પ્રવિણભાઇના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગામીત ચલાવે છે.

મંદિરમાંથી ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૭૪૭/૨૦૨૧**

ઓઢવઃ જયેશગીરી નટવરગીરી ગોસાઈ (રહે.જી.આઇ.ડી.સી.હાઉસિંગ સોસાયટી જી.આઇ.ડી.સી. ક્વાર્ટર્સ ઓઢવ) એ તા.૨૩/૦૯/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૨૨/૦૯/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ જયવીર હનુમાનજી મંદિરની દાનપેટીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દાનપેટીમાંથી રોકડ રૂપિયા ૭,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રીએસ.વી.પટેલ ચલાવે છે.

ઝેરી જીવ-જંતુ કરડતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૭૪૮/૨૦૨૧**

નારોલઃ નિરજકુમાર સ/ઓ વિનોદભાઇ તિવારી (ઉ.વ.૧૬) (રહે.પીપળજ ગામ હનુમાન મંદિર પાસે નારોલ) તા.૨૩/૦૯/૨૦૨૧ કલાક ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી જીવ-જંતુ કરડી જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૪૯/૨૦૨૧**

નારોલઃ અજય નરપાલસિંહ તોમર (ઉ.વ.૨૨) (રહે. વિભાગ-૨ ઇન્દીરાનગર પાણીની ટાંકી નીચે લાંભા) નુ અસ્થિર મગજ હોઇ તેમજ બિમારીથી કંટાળી તા.૨૦/૦૯/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નિકળી ગયો હતો. જેની શોધખોળ કરતા તા.૨૩/૦૯/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પીપળજ પીરાણા રોડ દેવરાજ ઇન્ડસ્ટ્રીયલ પાર્કના પાછળના ભાગે ખુલ્લા ખેતરમાં લીમડાના ઝાડ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હાલતમાં મળી આવેલ હતો. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પરમાર ચલાવે છે.

નિકોલઃ ચેતક સ/ઓ ભરતભાઇ પટેલ (ઉ.વ.૨૪) (રહે. શિવ ગણેશ રેસીડન્સી ગેલેક્ષી પાછળ એસ.પી.રીંગ રોડ કઠવાડા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીતાબા અનીરૂધ્ધસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.